ગાંધીનગર રાજકીય 'ટી' ડિપ્લોમસી અને ડીનર ડિપ્લોમસીમાં વ્યસ્ત

ગાંધીનગર, તા. ૨૮

વિધાનસભાની આવી રહેલી ચૂંટણીઓને પગલે ગાંધીનગર શહેર રાજકીય પક્ષોના આગેવાનોથી ઉભરાઈ રહ્યું છે અને શહેરના લારીગલ્લાઓ તેમજ કીટલીઓ પર રાજકારણ સિવાયની અન્ય કોઈ વાતો સાંભળવા મળતી નથી.

રાજ્યના પાટનગર તરીકે ઓળખાતા આ નગરમાં આમ તો સામાન્યતઃ જી.આર., સી.આર. અને વહીવટીય ચર્ચાનો માહોલ વધુ જોવા મળતો હોય છે. પણ પંચની આચારસંહિતા અમલી બનતાં જ વહીવટીતંત્ર ઠપ્પ થઈ ગયું છે. તો રાજકીય બજારે તેજી પકડી છે.

ગાંધીનગર રાજકીય ક્ષેત્રનું એક મહત્વનું એ.પી.સેન્ટર બની ગયું છે અહિ પ્રદેશના આગેવાનો રહેતા હોવાથી કાર્યકરો અને આગેવાનો ટિકિટની માંગણી સાથે વહેલી સવારથી જ દોડધામ કરતા નજરે પડી રહ્યા છે.

રાજ્યમાં નવી રચાયેલી પરિવર્તન પાર્ટીના વડાઓ પણ ગાંધીનગરમાં વસે છે અને આ પાર્ટીની સ્થાપના પણ ગાંધીનગરમાં થઈ હોવાથી અહિ પણ કાર્યકરોની ભીડ જોવા મળી છે.

સેક્ટર-૧માં ભાજપના અગ્રણીઓ રહેતા હોવાથી પણ કાર્યકરો મોટી સંખ્યામાં આ સેક્ટરમાં દોડતા જોવા મળી રહ્યા છે. સે. ૧૯માં કોંગ્રેસના આગેવાનોને મળવા માટે આગેવાનો દોડતા જોવા મળી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં રાજકીય ગતિવિધિઓ વધુ જોવા મળી છે. રાજકીય આગેવાનો વચ્ચે ટી ડીપ્લોમસી અને ડીનર ડીપ્લોમસીની બોલબોલા વધી જવા પામી છે. મોડીરાત સુધી ધબકતુ થયેલું ગાંધીનગરમાં રાજકીય ચર્ચાઓમાં વ્યસ્ત બન્યું છે.

બધા રાજકીય પક્ષો દિપાવલી પછી જ તેમની ચૂંટણી પ્રચારની વ્યુહરચનાના આખેકદમ મંડાશે તેવા સ્પષ્ટ સંકેતો મળી રહ્યા છે.

પથ સંચલન - રાષ્ટ્રીય સ્વંય સેવક સંઘ વિજયા દશમી પર્વ નિમિત્તે દેશના વિવિધ નગરોમાં પથ સંચલનનો કાર્યક્રમ યોજે છે. શિસ્ત - સંયમ અને નિષ્ઠાની અભિવ્યક્તિ માટેનો નગર પરિક્રમાનો કાર્યક્રમ આર.આર.એસ.એસ.ની ઓળખ સમાન છે. ગાંધીનગરના મોટેરા ખાતે યોજાયેલ પથ સંચલન કાર્યક્રમે નાગરિકોમાં ભારે આદરની લાગણી જન્માવી હતી.

આ વર્ષે દિવાળીના નાસ્તા મોંઘા થયા

મેંદો અને અન્ય ચીજવસ્તુઓના ભાવોમાં વધારો થતાં નાસ્તાના ભાવો વધ્યા

ગાંધીનગર, તા. ૨૮

મોંઘવારીની અસર આ વર્ષે દિવાળીને પણ થઈ રહી છે. દિવાળી-બેસતા વર્ષમાં સૌથી અગત્યના ગણાતા નાસ્તાઓના ભાવો વધ્યા છે. દરેક નાસ્તાઓનો ભાવ રૂ. ૧૦ થી ૩૦ જેટલો વધ્યો છે.

આ વર્ષે દિવાળીના નાસ્તા માટેનું બજેટ થોડુ વધારવુ પડશે. કારણ કે વધતી જતી મોંઘવારીની અસર નાસ્તા પર પણ પડી છે. ચોળાફળી, મઠિયા, સુંવાળી વગેરેના ભાવમાં કિલોએ રૂ. ૧૦ થી ૩૦નો વધારો થયો છે. દિવાળીને હવે ગણતરીના દિવસો બાકી રહેતા તેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. એક સમય હતો જ્યારે મઠિયાં, ઘૂઘરા, સુંવાળી, ચોળાફળી, ફરસીપૂરી, ચેવડો વગેરે જેવા નાસ્તા ઘરે બનાવાતા હતા. પરંતુ હવે મોટાભાગે ઘરમાં તૈયાર નાસ્તા લાવવામાં આવે છે. નાસ્તામાં વપરાતી ચીજવસ્તુઓ મોંઘી થતા અને ડીઝલના ભાવોમાં વધારો થતાં તેની અસર સ્વાભાવિક રીતે જ નાસ્તાઓ પર થઈ છે. મઠિયાં, ચોળાફળીમાં કિલોએ રૂ. ૧૦, ઘૂઘરામાં રૂ. ૨૦, સુંવાળીમાં રૂ. ૨૦નો વધારો થયો છે. તેલ, લોટ વગેરેના રો મટીરિયલના ભાવ વધતા નાસ્તાના ભાવ પણ વધ્યા છે.

દિવાળીના સમયે મઠિયા, સુંવાળીની મજા માણવાનું વિદેશી ગુજરાતીઓ પણ ચુકતા નથી. દિવાળીના પંદર દિવસ પહેલા જ એનઆરજી લોકો તેમનો ઓર્ડર બુક કરાવે છે. તો કેટલાક તેમના સંબંધીઓ પાસેથી નાસ્તા મગાવે છે. ચાલુ વર્ષે મઠિયા, સુંવાળી, ચોળાફળી સહિત ચેવડો, ચકરી, ઘૂઘરા વગેરે જેવા દરેક નાસ્તાના ભાવ વધ્યા છે. દિવાળીના ત્રણ-ચાર દિવસ પહેલાં જ નાસ્તાઓની ખરીદી થઈ જતી હોવાથી નાસ્તાના ખાસ કારીગરો બોલાવી લેવાયા છે. ઉત્તરસંડા, નડીયાડની આસપાસના વિસ્તારોમાં આવેલા મઠિયા, ચોળાફળીના ગૃહ ઉદ્યોગો ધમધમવા માંડ્યા છે. ઓર્ડર માટે વેપારીઓ અહીં લાઈન લગાવીને બેઠા છે.

ગાંધીનગર-સરખેજ હાઇવેના ટ્રાફિકને ડાયવર્ટ કરાશે

ગાંધીનગર તરફ આવતા વાહન ચાલકોને રીંગરોડનો ઉપયોગ કરવા અનુરોધ

ગાંધીનગર, તા. ૨૮

થલતેજ સર્કલથી ગુરૂદ્વારા સુધીનો રસ્તો છ માર્ગીય બનાવવાની કામગીરીને પગલે સરખેજ-ગાંધીનગર હાઇવેનો ટ્રાફિક ડાયવર્ટ કરાશે. ટ્રાફિક જામની સમસ્યાને નિવારવા માટે સિક્સ લેન રોડ બનાવવાની કામગીરીનો પ્રારંભ ટૂંક સમયમાં કરાશે. કયા કયા રસ્તે ટ્રાફિકને ડાયવર્ટ કરાશે તેનું જાહેરનામુ અમદાવાદ પોલીસ કમિશ્નર દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે.

ઈસ્કોન બ્રીજથી સોલા બ્રીજ પર દરરોજ હજારો વાહનોની અવરજવર રહે છે ત્યારે પડવાનથી થલતેજ સુધીનો રસ્તો બંધ થતા વાહન ચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડશે. આથી સરખેજથી ગાંધીનગર જતાં વાહનચાલકોએ ટ્રાફિકથી બચવા માટે રીંગ રોડનો ઉપયોગ કરવા અનુરોધ કરાયો છે. રીંગરોડનો ઉપયોગ કરવાથી ટ્રાફિકનો સામનો નહીં કરવો પડે તેમજ ઝડપથી ગાંધીનગર પહોંચી શકાશે. અમદાવાદ શહેરમાથી ગાંધીનગર તરફ આવતાં વાહન ચાલકો જજીસ બંગલોથી સુરધારા સર્કલ થઈને ઘાટલોડીયા સોલા જવાના રૂટનો ઉપયોગ કરશે. આ સ્થિતિમાં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાવવાનો ભય છે. જો કે, સૌથી વધુ ટ્રાફિકનો પ્રશ્ન સિંધુ ભવનથી લઈને હેબતપુર સુધી રહેશે. વાહનચાલકોને સહકાર આપવા પોલીસે અનુરોધ કર્યો છે. પોલીસ કમિશનરે તાજેતરમાં બહાર પાડેલા જાહેરનામામાં તા. ૧-૧૧-૨૦૧૨ થી ૨૧-૧૦-૨૦૧૩ સુધી પકવાન ચાર રસ્તાથી લઈને સોલા બ્રીજ સુધીનો માર્ગ બંધ રાખવામાં આવશે. પોલીસે ડાયવર્ટ રૂટ પર તૈયાર કરી દીધો છે. વાહન ચાલકોની અગવડતાને નિવારવા માટે તબક્કાવાર માર્ગ બંધ કરાશે તેમ જણાવાયું છે. જો કે, એક સર્વિસ રોડ ચાલુ રખાતા અમુક વાહનોને તેના પરથી પસાર થવા દેવાશે.

સ્વર્ણિમ પાર્કનું નિર્માણ કાર્ય અંતિમ તબક્કામાં

સ્વર્ણિમ પાર્કનું કામ દિવસ-રાત ચાલી રહ્યું છે

ગાંધીનગર, તા. ૨૮

શહેરની મધ્યમાં વિકસાવવામાં આવી રહેલ સ્વર્ણિમ પાર્કની પાટનગરની સૌંદર્યમાં વધારો થશે. ઘ-૪થી મહાત્મા મંદિર સુધીના માર્ગે બનનાર આ સ્વર્ણિમ પાર્કનું કામ ફૂલ સ્પીડે ચાલી રહ્યું છે. દિવસ રાત અહીં કામ ચાલુ છે.

સેક્ટર-૧ ૩ સ્થિત મહાત્મા મંદિરનું બીજા ફેઝનું

કામ ગતિમાં છે. સૉલ્ટ માઉન્ટેન સહિત વિશાળ પવન ચક્કીનું કામ શરૂ કરી દેવાયું છે. આ સાથેનાં, મહાત્મા મંદિરમાં આસપાસનાં વિસ્તારોને વિકસાવવાની પ્રક્રિયામાં ઝડપ લાવવામાં આવી છે. તેમાંય સ્વર્ણિમ પાર્કનું કામ પુરજોશમાં ચાલુ છે ઘ-૪થી મહાત્મા મંદિર સુધીના માર્ગે સ્વર્ણિમ પાર્ક આકાર લઇ રહ્યા છે. નગરજનો માટે હરવા ફરવાના એક વધુ સ્થળ તરીકે સ્વર્ણિમ પાર્કની ભેટ મળશે. હાલમાં ઘ-૪નો બગીચો વૉકર્સ અને જોગર્સમાં ખુબ લોકપ્રિય છે. શિયાળાના દિવસોમાં વહેલી સવરે અને ઉનાળાના દિવસોમાં મોડી રાત સુધી અહીં ભારે ભીડ રહે છે. તેવી જ રીતે સ્વર્ણિમ પાર્ક શહેરીજનો, નગરજનોને આકર્ષશે. સ્વર્ણિમ પાર્કની ડિઝાઈન આંતરરાષ્ટ્રીય સ્તરની છે. અહીં બગીચા માટે ફૂડ કોર્ટ, ઠેર ઠેર બેઠક વ્યવસ્થા અને વૉકર્સ માટે અલગ પાથ બનાવવામાં આવ્યું છે. સ્વર્ણિમ પાર્કમાં કેટલાક સ્થળોએ ડિઝાઈનીંગના ભાગરૂપે બાંધકામનું કામ ચાલુ છે. દિવસ-રાત અહીં કામગીરી ચાલે છે.

અત્રે ઉલ્લેખનીય છે કેઆગામી જાન્યુઆરી માસમાં વાઈબ્રન્ટ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. વાઈબ્રન્ટ સમિટ મહાત્મા મંદિરમાં યોજાવવાની હોવાથી બીજા તબક્કાનું કામ ઝડપથી આટોપી લેવા સૂચનાઓ અપાઈ છે. મહાત્મા મંદિરના બાંધકામ માટેનું બજેટ મંજૂર થયેલું હોઈ ઝડપથી કામ થઈ રહ્યું છે. માર્ગ-મકાન વિભાગના અધિકારીઓ અહીં સતત સુપરવિઝિનમાં રહે છે.

બેસણું

અમારા માતુશ્રી **દિવાળીબેન ભાનુભાઈ પટેલ**નું અવસાન થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૨૯/૧૦/૨૦૧૨ને સોમવારના રોજ બપોરે ૩-૦૦ થી ૬-૦૦** દરમિયાન રાખેલ છે.

સ્થળ :
લિંબચમાતાનું મંદિર,
સેક્ટર-૧૩,
ગાંધીનગર.

લિ.
કિરીટ ભાનુભાઈ પટેલ
સુરેશ ભાનુભાઈ પટેલ
મહેશ ભાનુભાઈ પટેલ
વૈશ્વી ટ્રેડર્સ પરિવાર

પ્રદેશ ભાજપ પાર્લામેન્ટરી બોર્ડનું જિલ્લા પ્રમુખોને તેડુ

નવેસરથી સંભવિત ઉમેદવારોની પેનલ માંગી કારણો સાથે ત્રણ નામોની પેનલ આપવા સૂચના

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની ૩૦મીથી બેઠક મળનારી છે. તે પૂર્વે તમામ જિલ્લા પ્રમુખો પાસેથી સંભવીત ઉમેદવારોના ત્રણ નામોની પેનલ યાદી નવેસરથી મંગાવવામાં આવી હોવાનું જાણવા મળે છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે પ્રદેશ ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. સંભવીત ઉમેદવારોના નામો મેળવવા જિલ્લા નિરીક્ષકોની નિમણુંકો મેળવીને અહેવાલો મેળવવામાં આવ્યા હતા.

જો કે દરેક બેઠકો પર ટીકીટના દાવેદારોની સંખ્યા વધવા પામી છે. કેટલીક બેઠકોપર ૩૦-૩૦ દાવેદારોના બાયોડેટા આવવા પામ્યા છે. જેના કારણે આ નામોની સમીક્ષા કરવાની પ્રક્રિયામાં વિલંબ થાય તેમ છે. તેમજ સમય પણ વ્યથીત થાય તેમ છે.

આટલા બધા દાવેદારોના નામો પર ચર્ચા કરવી અશક્ય હોઈ હવે પ્રદેશ ભાજપ નેતાગીરી દ્વારા જિલ્લામાંથી દરેક બેઠકથી સંભવીત ત્રણ ઉમેદવારોના નામો નક્કી કરીને ત્રણ નામોની પેનલ યાદી નવેસરથી મંગાવવામાં આવી છે. જિલ્લા પ્રભારી મંત્રી અને જિલ્લા પ્રમુખોને ત્રણ નામોની પેનલ યાદી અને કારણો સાથેનો અહેવાલ આવતીકાલ સાંજ સુધીમાં પ્રદેશ નેતાગીરીને સોંપવા માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

આજે નરેન્દ્ર મોદી હિમાચલ ચૂંટણી પ્રવાસે જશે

ગાંધીનગર, તા. ૨૮

હિમાચલ પ્રદેશમાં યોજાનારી વિધાનસભાની ચૂંટણીના ચૂંટણી પ્રચારાર્થે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તા. ૨૯ ઓક્ટોબરના રોજ જશે.

તેઓશ્રી તા. ૨૯ ઓક્ટોબરના રોજ હિમાચલ પ્રદેશના મંડી, કાંગ્રા અને ઉના વિસ્તારમાં ચૂંટણી પ્રચાર સભાઓને સંબોધન કરશે.

ટેનામેન્ટ વેચવાનું છે

સેક્ટર-૨૭માં ૧૧૮ ચો.વારનું સીંગલ માળ, ટાઈટલ ક્લીયર

ફોન સંપર્ક કરો
પ્લોટ નં. ૬૬૬/૨,
સેક્ટર-૪/સી, ગાંધીનગર.
મો. : ૯૪૨૦૦ ૦૬૩૫૫
મો. : ૯૪૨૬૦ ૫૧૮૫૪

શું તમે તમારા બાળકને ઓરીથી રક્ષીત કરેલ છે?

ઓરી એક ભયંકર ચેપી રોગ છે. જેનાથી આપણા દેશમાં દર વર્ષે એક લાખ બાળકો મૃત્યુ પામે છે. પરંતુ ઓરીની રસી મુકાવવાથી બાળકને ઓરીથી બચાવી શકાય છે. વિશ્વ આરોગ્ય સંસ્થા અને યુનીસેફ દ્વારા પ્રમાણીત આ રસી અત્યારથી અને શરૂથીત છે.

ભારત સરકારે ૯ મહીનાથી લઇને ૧૦ વર્ષ સુધીના બાળકોને " મિશન ઇન્દ્રધનુષ-અપ કેમ્પેઇન " મારફત આપણે ઓરીની રસી મુકાવેલ હોય તો પણ આ રસીનો બીજો ડોઝ આપવાનું નક્કી કીધેલ છે. **તો શું આપના બાળકને આ કેમ્પેઇન દરમ્યાન બાળકને રસી આપવી રક્ષીત કીધેલ છે?**

જો ના તો હજુ પણ છેલ્લી તક છે.

આપના ૯ મહીનાથી ૧૦ વર્ષનાં બાળકને ગાંધીનગરમાં નીચે મુજબનાં રસીકરણ બૂથ ઉપર દર્શાવેલ તારીખે **સવારે ૮:૦૦ થી બપોરના ૧:૦૦ કલાક** દરમ્યાન લઇ જઇ રસી મુકાવી આપના બાળકનું ભવિષ્ય સુરક્ષીત કરો.

૩૦/૧૦/૧૨	૦૧/૧૧/૧૨	૦૨/૧૧/૧૨
સેક્ટર-૧૯, સરકારી દવાખાનું	સેક્ટર-૧૧, સરકારી દવાખાનું	સેક્ટર-૧૨, પેરામેડિકલ કોલેજ, કોમર્શિયલ સેન્ટર સામે
સેક્ટર-૧૯, સીમ તલાવ કોમ્યુનિટી	સેક્ટર-૧૧, સીમ તલાવ કોમ્યુનિટી સેન્ટરની બાજુમાં	ઘ-૩ સેક્ટર, સેક્ટર-૩ ની સામે, રાજકીય પોલીટેકનીક કોલેજ
સેક્ટર-૧૮, પાટનગર સ્ટેડીયમ	સેક્ટર-૩, સરકારી સ્કૂલ	ઝુ.ઈ.એમ.-૭, પાલજ કોમ્યુનિટી હોલ
સેક્ટર-૧૩/૩ આંગણવાડી, જંગલ ટ્રેક સામે સોલા (સિક્રેટ સોસાયટી)	સેક્ટર-૩, સી. આંગણવાડી સેન્ટર	ઝુ.ઈ.એમ.-૮, ઝુ.ઈ.એમ. શાળા
સેક્ટર-૧૬ આંગણવાડી-૯, પ્લોટ નં-276/2	સેક્ટર-૧, સરકારી સેન્ટર	ઝુ.ઈ.એમ. ઈંટોળી, દવાખાનું
સેક્ટર-૧૩, આંગણવાડી સેક્ટર-૧૩/૪ સામે	સેક્ટર-૧ સી, ડી. આંગણવાડીનું દવાખાનું	સેક્ટર-૧૪/૪, કમ્યુ ન.ટ.સ્કૂલ (કોમર્શિયલ સામે)
પકવાન ચાર રસ્તા -01, પકવાન	સેક્ટર-૧, સંત કબીરધામ સેન્ટર	સેક્ટર-૧૪/૧, સેક્ટર-૧૪, ડા.એ. આંગણવાડી
પકવાન ચાર રસ્તા -02, કુટીરઉદ્યોગ પાસે	સેક્ટર-૮, સાધુ વાસવાણી સેન્ટર	સેક્ટર-૧૪/1, કમાન્ડો કોલોની, ઈ.સ.નં.-40
પકવાન-02, ઉવારસદ ગામ	સેક્ટર-૮, સરકારી દવાખાનું	સેક્ટર-૧૮/૧, મોટેરી સબવે
પકવાન-02, પકવાન, પ્રાથમિક શાળા	સેક્ટર-૭, સુનિતા વિહાર	સેક્ટર-૧૮/૪, ઈ.સ. પોલીટેકનીક
પોલિસ-02, સરકારી પ્રા.શા. સામે	સેક્ટર-૬, શિવાલિક સેન્ટર	કુબેરનગર, આંગણવાડી, પ્રાથમિક શાળા બાજુમાં
પોલિસ-02, પ્રાથમિક શાળા, બાજુમાં તળાવ	સેક્ટર-૬, સરકારી પ્રાથમિક શાળા	સેક્ટર-૧૧, સોલોપોલીસ ગુજરાતીશાળા
કોબા-02, સરકારી કોલોની પાસે	સેક્ટર-૫, સી. મોટેલર સેન્ટર	ઉવારસદ, મી.કોલોની
કોબા-02, પ્રાથમિક શાળા, પાસે	સેક્ટર-૫, સી. મહાવીર સેન્ટર	અડાલજ-02, પ્રાથમિક, સરકારી પ્રા.શાળા
સેક્ટર-૧૩, સરકારી પ્રાથમિક શાળા	સેક્ટર-૩ સી.એમ. સરકારી દવાખાનું	અડાલજ-02, અડાલજ, સરકારી પ્રા.શાળા પાસે
સેક્ટર-૧૩, સરકારી દવાખાનું	સેક્ટર-૩ સી.એમ. , શિવાલિક સેન્ટર	પોલસુપુર-૧, સરકારી પ્રાથમિક શાળા
સેક્ટર-૧૪, કલોલ સેન્ટર	સેક્ટર-૧, સરકારી દવાખાનું	પોલસુપુર-૩, રાજકોટવાલા સ્કૂલ
સેક્ટર-૧૪, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર	સેક્ટર-૧, કેમિકલ આંગણવાડી, ઓમકારધામ સેન્ટર સામે	પોલસુપુર-૧,નગર પ્રાથમિક શાળા
સેક્ટર-૧૧, સરકારી દવાખાનું, એસ.એસ.સી. કચેરી	સેક્ટર-૧૧, સરકારી દવાખાનું	પોલસુપુર-૧, સરકારી શાળા
સેક્ટર-૧૧, ડી. કુંજ બિલ્ડીંગ દવાખાનું	સેક્ટર-૧૧, મહાવીર ધામ	અડાલજ પ્રાથમિક (અંબિકા સ્કૂલ)
સેક્ટર-૧૧, નીલકમલ, આંગણવાડી, પ્રાથમિક શાળા બાજુમાં	સેક્ટર-૧૧, ઉવારસદી સેન્ટર	અડાલજ સેન્ટર (અંબિકા સ્કૂલ)
આ સોનેરી તક ચૂકી ન જવાય	સેક્ટર-૧, સરકારી દવાખાનું	નાનીકા પટેલ બંગલાઝ સામે, કોલોનીની અંદર
	સેક્ટર-૧, સી. પરિમલ-૧૧૮/૧, રાજપુત કોલોની	
	સેક્ટર-૧૧, સરકારી દવાખાનું	

આરોગ્ય વિભાગ, મહાનગરપાલિકા ગાંધીનગર

વાહકજન્ય રોગોથી બચવા આટલું કરીએ

(૧) મેલેરિયા, ડેન્ગ્યુ અને ચિકુનગુનિયા મચ્છરથી ફેલાતા વાહકજન્ય રોગ છે.
(૨) આ રોગના મચ્છરો ચોખ્ખા બંધીયાર પાણીમાં ઉત્પન્ન થાય છે.
(૩) ઘરમાં અને આસપાસ પાણીનો ભરાવો તેમજ ખાડા - ખાબોચિયા દૂર કરીએ.
(૪) પાણી ભરવાના તમામ વાસણો અઠવાડિયામાં એકવાર ખાલી કરી, અંદરની બાજુએથી ઘસીને સાફ કરી તડકે સુકવીએ.
(૫) શરીર પુરું ઢંકાય તેવા કપડા પહેરવા.
(૬) મચ્છર ભગાડવાની અગરબત્તી, રીપેલન્ટનો ઉપયોગ કરવો.
(૭) સવારે ગુગળનો ધૂપ તથા સંધ્યાકાળે લીમડાનો ધૂમાડો કરવો.
(૮) વહેલી સવારે તથા સાંજે ઘરના બારી-બારણા બંધ રાખવા.
(૯) ઘરની આસપાસ કે છત ઉપર પડેલ નકામાં ટાયરોનો નાશ કરવો.
(૧૦) પક્ષીકુંજ, કુલદાની, કુંડા, કુલર, ફ્રીઝની ટ્રેમાં ડેન્ગ્યુ તથા ચીકુનગુનિયાના મચ્છરો ઉત્પન્ન થાય છે. જે અઠવાડિયામાં એક વખત ખાલી કરી અને ઘસીને સાફ કરવું.

જિલ્લા આરોગ્ય તંત્ર, જિલ્લા પંચાયત, ગાંધીનગર

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

SANGHI CEMENT · KisaN · vaMaxx 500 TMT BARS - ISI · SANGHI STEEL - ISI · BENELAVE · H.FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ashirvad C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com